**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૫.૦ ડીગ્રી
લઘુતમ : ૨૨.૧ ડીગ્રી
ભેજ
સવારે ૭૪ ટકા ● સાંજે ૩૭ ટકા

# દૂધના ભાવોમાં થયેલા વધારાનો ચોતરફથી વિરોધ

## દોઢ વર્ષમાં અમૂલે ત્રણ વખત દૂધના ભાવોમાં વધારો કરતાં મધ્યમવર્ગીય પરિવારો પર બોજો વધ્યો

ગાંધીનગર, તા. ૧

અમૂલ ડેરીએ રાતોરાત દૂધના ભાવોમાં ૨ રૂ.નો વધારો ઝીંકી દેતા ચોતરફથી તેનો વિરોધ થઈ રહ્યો છે. અમૂલ દૂધે અચાનક જ ભાવ વધારો કરતા મધ્યમવર્ગીય પરિવારોને વધુ મુશ્કેલીઓનો સામનો કરવો પડશે. મધ્યમવર્ગીય પરિવારો પર બોજો વધ્યો છે.

જીવન જરૂરીયાતની ચીજવસ્તુઓમાં સૌથી પહેલુ સ્થાન દૂધ, દહીં અને છાશનું આવે છે. આ તમામ ડેરી પ્રોડક્ટના ભાવો અવારનવાર વધતાં મધ્યમવર્ગીય પરિવારો પર બોજો વધ્યો છે. અમૂલ ડેરીએ ૧લી એપ્રિલથી અમલમાં આવે તે રીતે તમામ દૂધ પર બે રૂ.નો વધારો કર્યો છે. અમૂલ ગોલ્ડ હવે ૬૪, શક્તિ ૫૮ અને તાજા ૫૬ રૂ.માં મળશે. બફેલો દૂધમાં સીધો ૪ રૂ.નો વધારો કરી દેવાતા તે હવે રૂ. ૭૦ માં મળતુ થશે. દૂધનો ભાવ એકાએક વધારી દેવાતા મધ્યમવર્ગીય પરિવારો પર બોજો વધ્યો છે. અમૂલ ડેરીના પગલે અન્ય ડેરીઓએ પણ તાત્કાલિક ભાવવધારો અમલી બનાવી દીધો છે.

દૂધના ભાવ છેલ્લા દોઢ વર્ષમાં ત્રણ વખત વધારવામાં આવતા મધ્યમવર્ગીય પરિવારોનું બજેટ ખોરવાયુ છે. સતત ત્રીજી વખત દૂધના ભાવો વધતા નાગરિકોમાં આક્રોશ જોવા મળી રહ્યો છે. દૂધના ભાવો વધતા સ્વાભાવિક રીતે જ હવે અન્ય પ્રોડક્ટમાં પણ ભાવ વધારો કરી દેવામાં આવશે. છાશ અને દહીં જેવા ઉત્પાદનોમાં પણ હજુ થોડાક સમય પહેલાં જ અધધ ભાવવધઆરો કરવામાં આવતા વસાહતીઓમાં કચવાટ જોવા મળી રહ્યો છે.



**જન્મદિને વધામણી**



મમતા રાવલ
પૂર્વ પ્રમુખ, લાયોનેસ ક્લબ



ચંદ્રિકાબેન કિરણકુમાર પરમાર
મો. ૯૮૯૮૧ ૩૪૬૩૨



પ્રજાપતિ રસીલાબેન એમ.
મો. ૯૮૨૪૫ ૬૮૪૧૮



નીતાબેન એસ. પટેલ
મો. ૯૯૧૩૬ ૧૨૨૨૧

## શારદા કોલેજ ઓફ ફિઝિયોથેરાપી દ્વારા ઓટિઝમ કોમ્યુનિટી અવેરનેસ પ્રોગ્રામ



ગાંધીનગર, તા. ૧

૩૧ માર્ચના રોજ વર્લ્ડ ઓટિઝમ અવેરનેસ ડેના ઉજવણી રૂપે શારદા કોલેજ ઓફ ફિઝિયોથેરાપી દ્વારા ઊનાવા ગામ ખાતે કોમ્યુનિટી અવેરનેસ પ્રોગ્રામનુ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૦૦ જેટલા શેઠ શ્રી સી. સી. શાહ સ્કૂલના વિદ્યાર્થીઓ, સ્ટાફ અને ગ્રામજનોએ હાજરી આપેલી. આ પ્રોગ્રામમાં ઓટિઝમ શુ છે, તેના લક્ષણો તથા તેની સારવાર માટે શું કરવું જોઈએ તેની જાણકારી કોલેજના આસિ. પ્રોફેસર ડો. રાજેશ્વરી ગઢવી, ડો. જેની પંચાસરા તથા ડો. સ્નેહા પ્રજાપતિ અને ફાઈનલ યરના વિદ્યાર્થીઓ દ્વારા રોલ-પ્લે રૂપે આપવામાં આવી હતી.

**ભક્તોની સુવિધામાં વધારો કરવા**

## ધોળેશ્વર મંદિર ખાતે ૧.૬૪ કરોડના ખર્ચે તૈયાર થનાર અદ્યતન પાર્કિંગનું મેયરે ખાતમુહૂર્ત કર્યું

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર મહાનગરપાલીકાના વોર્ડ ૧૦ માં સમાવિષ્ટ પ્રાચીન અને ઐતિહાસિક ધોળેશ્વર મંદિર ખાતે ભક્તોની સુવિધામાં વધારો કરવા ૧.૬૪ કરોડના ખર્ચે અદ્યતન પાર્કિંગ તૈયાર થનાર છે. જેનું આજરોજ ગાંધીનગર મહાનગરપાલિકાના મેયરશ્રી હિતેશભાઈ મકવાણા સાહેબે ખાતમુહૂર્ત કર્યું. આ અવસરે મેયરશ્રી એ જણાવ્યું હતું કે ધોળેશ્વર મંદિરનો મહિમા ખુબ વધારે હોવાથી પવિત્ર શ્રાવણ માસમાં ખુબ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ આવતા હોય છે. ધોળેશ્વર મંદિરની આગળ પાર્કિંગની જરૂરિયાત જણાતી હતી. જેથી હવે ભક્તોને અદ્યતન સુવિધાયુક્ત પાર્કિંગનો લાભ



મળશે. આ પ્રસંગે શહેર ભાજપ પ્રમુખશ્રી રુચિરભાઈ ભટ્ટ, મહામંત્રી કનુભાઈ દેસાઈ, ગૌરાંગભાઈ પટેલ, ધર્મેન્દ્રસિંહ વાઘેલા, પૂર્વ ધારાસભ્યશ્રી શંભુજી ઠાકોર, ગાંધીનગર મહાનગર પાલિકાના ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલ, દંડકશ્રી તેજલબેન નાયી, કાઉન્સિલરશ્રીઓ તેમજ મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

**ચિરવિદાય**

● મુક્તિધામ ●

- સ્વ.નામાવત મંજુલાબેન ત્રિકમદાસ ઉ.વ.૯૧, ગાંધીનગર
- સ્વ.ઠાકોર લીલાબેન પ્રવિણજી ઉ.વ.૩૫, બુડાસણ, મહેસાણા

## વસાહત મંડળ સે-૧૪ ખાતે નવા હોદ્દેદારોની વરણી

ગાંધીનગર, તા.૧

વસાહત મંડળ સેક્ટર ૧૪ ખાતે સામાન્ય સભા કાંતિભાઈ પટેલના અધ્યક્ષ પદે મળી હતી જેમાં પૂર્વ પ્રમુખ નરેન્દ્રભાઈ વાઘેલા દ્વારા કરેલ કામગીરીનો અહેવાલ અને હિસાબો રજૂ કરવામાં આવ્યા હતા. જે સર્વાનુમતે પાસ કરવામાં આવ્યા હતા જેઓની કામગીરી ધ્યાનમાં લઈ સૌ સભ્યોએ નરેન્દ્રભાઈ વાઘેલાને અભિનંદન પાઠવ્યા હતા. આ ઉપરાંત વર્ષ ૨૦૨૩-૨૪ ના માટે વ્યવસ્થા કમિટીની નીચે મુજબ રચના કરવામાં આવી હતી.

આ સભામાં પ્રમુખ તરીકે વસંતભાઈ રાઠોડ, મહામંત્રી તરીકે સામાજિક કાર્યકર અને સાહિત્યકાર ડૉ ગુલાબ ચંદ પટેલ, સંગઠન મંત્રી તરીકે કાંતિભાઈ પટેલ, કોષાધ્યક્ષ તરીકે ઝીણાભાઈ વાઘેલા, ઉપ પ્રમુખ બી ડી સોલંકીની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે.

તદ્ ઉપરાંત કારોબારી સભ્ય તરીકે નરોત્તમ કે પરમાર સહ મંત્રી, રમણ એન સોલંકી સહ



મંત્રી, ધનજીભાઈ એસ પરમાર સહમંત્રી તથા અન્ય વીસ જેટલા સભ્યોની કારોબારી રચના કરવામાં આવી છે. અંતમાં પૂર્વ પ્રમુખ નરેન્દ્ર ભાઈ વાઘેલાનો સારી કામગીરી બદલ ડૉ ગુલાબ ચંદ પટેલ દ્વારા આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

## આંબેડકર જયંતિની ઉજવણી માટે ૩જીને સોમવારે બેઠક

ગાંધીનગર, તા. ૧

ડૉ. બાબાસાહેબ આંબેડકર જન્મ જયંતિ મહોત્સવ સમિતિ દ્વારા વિધાનસભા સામે સ્થિત પ્રેરણા સંકુલમાં ડૉ. આંબેડકરની જન્મ જયંતિની ઉજવણી કરવામાં આવશે. તે અંતર્ગત તારીખ ૩ એપ્રિલ, ૨૦૨૩ સોમવારે સાંજે ૪.૩૦ કલાકે, ડૉ. આંબેડકર ભવન, સેક્ટર-૧૨, ગાંધીનગર ખાતે આંબેડકર વિચારધારાને વરેલા આગેવાનો/સામાજિક કાર્યકરોની બેઠક યોજાઈ રહી છે. સમિતિના પ્રમુખ એ.કે. બામણીયા અને મહામંત્રી વિઠ્ઠલભાઈ જે. પરમારે આમંત્રણ પાઠવ્યું છે.



શ્રી રામકથા સંકલ્પ સિદ્ધ હનુમાનજી મંદિર, સેક્ટર-૨૧ ખાતે હનુમાન કથા અને હનુમાન ચાલીસા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતુ. શ્રી ફૂલશંકર શાસ્ત્રીજીના કંઠે હનુમાન કથા અને હનુમાન ચાલીસાનું પઠન થયુ હતુ. જેનો ભાવિક ભક્તોએ મોટી સંખ્યામાં લાભ લીધો હતો.

## એપ્રિલ મહિનાની પુસ્તક પરબ બલરામ મંદિરે યોજાશે

ગાંધીનગર, તા.૧

છેલ્લા નવ વર્ષથી ગાંધીનગરમાં મહિનાના પ્રથમ રવિવારે પુસ્તક પરબ યોજવામાં આવે છે. આ એપ્રિલ મહિનાની પુસ્તક પરબ આજે રવિવારે સવારે ૭.૩૦ થી ૯.૩૦ દરમ્યાન બલરામ મંદિર, સેકટર-૧૨, ઉમિયા મંદિર પાસે, ગાંધીનગરમાં યોજાશે. આ વખતે પરબની મુલાકાત લેનાર સહુને હેપ્પી યુથ ક્લબ તરફથી હેપ્પી ચકલી ઘર વિનામૂલ્યે ભેટ આપવામાં આવશે.

આ પુસ્તક પરબ માતૃભાષાના પ્રસાર હેતુ, સારા પુસ્તકોના વાંચનને પ્રોત્સાહન મળે તે હેતુસર માતૃભાષા અભિયાન અંતર્ગત આત્મન ફાઉન્ડેશન દ્વારા યોજવામાં આવે છે. પરબની મુલાકાત લેવા સહુ નગરજનોને, પુસ્તકપ્રેમીઓ, વડીલો, વિદ્યાર્થીઓને આત્મન સંસ્થા તરફથી વિનંતી છે. મુલાકાતી બે પુસ્તક અને ઉપલબ્ધ સામયિક પૈકી કોઈ સામયિક પસંદ કરી વિનામૂલ્યે લઈ જઈ શકશે.

**શહેરના નિવૃત્ત કર્મચારીઓની પર્યાવરણ માટેની ચિંતાઃ**

# નેચર ફર્સ્ટ ઝુંબેશ દ્વારા પ્લાસ્ટિક મુક્તિ માટેનો ભગીરથ પ્રયાસ

## દર શનિવારે નિવૃત્ત કર્મચારીઓ અને સ્વયંસેવકો શહેરના વિસ્તારોમાં ફરીને પ્લાસ્ટિક એકઠું કરે છે : શહેરના નાગરિકોને પ્લાસ્ટિકની થેલીના બદલામાં કપડાંની થેલીઓ આપીને પર્યાવરણ પ્રત્યે કરાય છે સજાગ

ગાંધીનગર, તા.૧

નિવૃત્તિને લોકો આરામ અને કામને વિરામ આપવાનો સમયગાળો માને છે. પણ હકીકતે કેટલાંક લોકોના માટે નિવૃત્તિ એટલે નોકરી બાદ સમાજ હિતકારી નવી નવી પ્રવૃત્તિઓમાં જોડાવવું એવું થાય છે. નેચર ફર્સ્ટ ઝુંબેશ સાથે જોડાયેલા નિવૃત્ત કર્મચારીઓએ આ વાતને ખરી સાબિત કરી બતાવી છે. જૂનાગઢના શ્રી પ્રાગદાસબાપા ગોદડિયા અન્નક્ષેત્રની પ્રેરણાથી શરૂ થયેલ નેચર ફર્સ્ટ અભિયાન આજે રાજ્યના ચાર શહેરોમાં પ્લાસ્ટિક મુક્તિ માટે કાર્ય કરી રહ્યું છે.

રાજ્યના પૂર્વ ગૃહ રાજ્યમંત્રી મહેન્દ્ર ત્રિવેદી અને એગ્રો સીડ્સ પ્રાઈવેટ લિમિટેડના ચેરમેન એન. પી. પટેલ આ ઝુંબેશના સંચાલક બનીને પ્લાસ્ટિક મુક્તિની સાથે અનુકૂળ અને સ્વસ્થ પર્યાવરણ માટે નવી પેઢી તૈયાર કરી રહ્યા છે. હાલ નેચર ફર્સ્ટની પ્રવૃતિઓ રાજ્યના ચાર શહેરો જુનાગઢ, ભાવનગર, હારીજ અને ગાંધીનગરમાં ચાલે છે.

ગાંધીનગરમાં દર શનિવારે અને અન્ય શહેરોમાં દર રવિવારે નિવૃત્ત કર્મચારીઓ અને સ્વયં સેવકો પ્લાસ્ટિક મુક્તિ માટે આગળ આવે છે.

શહેરના વિસ્તારોમાં જઈને પ્લાસ્ટિક કચરો એકઠો કરાય છે અને આ પ્લાસ્ટિકને રિસાયકલ માટે મોકલવામાં આવે છે. આ સિવાય નેચર ફર્સ્ટ દ્વારા પાણી બચાવવા માટેના જાગૃતિ અભિયાનો, હવા પ્રદૂષણને રોકવા વાહન ચાલકોને સમજ આપવી, વૃક્ષારોપણ અને વૃક્ષોના જતન માટે લોક ઝુંબેશ તેમજ પરંપરાગત





સ્ત્રોતોના ઉપયોગ માટે જાગૃતિ અભિયાનો હાથ ધરાય છે.

નેચર ફર્સ્ટના સંચાલક મહેન્દ્ર ત્રિવેદી જણાવે છે કે નેચર ફર્સ્ટ એ પ્રકૃતિને પ્રેમ કરવાનું એક વિચાર આંદોલન છે, જેમાં જેને જોડાવવું હોય તે જોડાઈ શકે છે. આ કોઈ એનજીઓ કે સંસ્થા નથી પણ પ્રકૃતિને બચાવવાનું એક જનહિતાર્થ મંચ છે. પ્રકૃતિની ચિંતા કરતાં તેઓ કહે છે કે ગ્લોબલ વોર્મિંગને લીધે આજે કમોસમી વરસાદ પડી રહ્યો છે. લોકો આ વાતને સમજતા થયા છે એમ એમ સામે ચાલીને પ્રકૃતિની સેવામાં જોડાતા થયા છે. તેઓ વધુમાં કહે છે કે પ્રકૃતિ પાંચ તત્ત્વો પૃથ્વી, વાયુ, અગ્નિ, જળ, આકાશની બનેલી છે અને આ પાંચેય તત્વોનું માનવ શરીર પણ બનેલું છે. આ પાંચેય તત્વોને જેટલા સાચવીશું અને જેટલો પ્રેમ કરીશું, એની જેટલી કાળજી લઈશું એટલી જ સલામત પ્રકૃતિ આવનારી પેઢી માટે છોડી જઈશું.

છેલ્લા ઘણા સમયથી નેચર ફર્સ્ટ સાથે જોડાયેલા ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટીની જિલ્લા શાખાના ચેરમેન જીલુભા ધાંધલ જણાવે છે કે ગાંધીનગરના સન્માનનીય વડીલો, જવાબદાર વ્યક્તિઓ, સમયનું દાન આપી, રાજ્યને પ્લાસ્ટિક મુક્ત બનાવી અને પર્યાવરણને બચાવવાનું ભગીરથ કાર્ય કરી રહ્યા છે. આ ઈશ્વરીય કાર્ય છે.

આ કાર્યમાં જોડાઈને આત્મસંતોષ અને આનંદ મળે છે. પર્યાવરણને બચાવવું હોય, સમાજને બચાવવો હોય, ખેતીને બચાવવી હોય, પશુ પક્ષીઓને બચાવવા હોય અને કુદરતનું કાયમી સાંનિધ્ય જાળવી રાખવું હોય તો દરેકે દરેક વ્યક્તિએ પ્લાસ્ટિક મુક્ત રાજ્ય અને પ્લાસ્ટિક મુક્ત દેશના આ અભિયાનમાં પોતાનો સિંહ ફાળો આપવો જોઈએ.